# મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત, મહેસાણા

## વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ચુંટણીના નિયમો

૧. કાયદો એટલે ૧૯૬૧ નો ગુજરાત સહકારી મંડળીઓના કાયદો અને તે અન્વયે ના અમલમાં હોય તેના નિયમો ચુંટણીમાં લાગુ પડશે.
૨. કર્મચારી નાણાં ધિરનાર મંડળીના પેટા નિયમો ચુંટણીમાં લાગુ પડશે.
૩. છેવટની મતદાર યાદીમાં જે શખ્સોના નામ હશે તેઓ ને પેટા કલમ ૬ આધીન રહીને મંડળીના હોદેદારો ચુંટણી માં મત આપવાનો તથા દરખાસ્ત કે ટેકો આપવાનો અધિકાર રહેશે.
૪. મંડળીનું કોઇ પણ પ્રકારનું મુદત બારનું લ્હેણું બાકી હોવું જોઇએ નહી. મંડળી જે જાતનો ધંધો કરતી હોય તે જાતનો ધંધો હોવો જોઇએ નહી.
૫. મુખ્ય અધિનિયમ કલમ ૨૮ માં પ્રથમ જણાવ્યા મુજબ જે સભાસદે છેલ્લી પાંચ(૫) સામાન્ય સભાની ઓછામાં ઓછી બે(૨) સામાન્ય સભામાં હાજરી આપેલ હોય તેનું પ્રમાણપત્ર સામેલ કરવું.
૬. ઉમેદવારે વાર્ષિક ઓછામાં ઓછી બે હજાર રૂપિયા ફ.બચત જમા કરાવેલ હોય તેનું પ્રમાણપત્ર સામેલ કરવું.
૭. તા. ૩૧-૩-૨૦૨૪ ના રોજ મંડળીના દફતરે નોંધાયેલ હશે તે જ ઉમેદવારી નોંધાવી શકશે. દરખાસ્ત કે ટેકો કરી શકશે અને મત આપી શકશે.
પરંતુ,
(૧) ચુંટણીમાં ઉમેદવારી કરનાર સભાસદની નોકરીની મુદત કારોબારી સભ્યોની મુદત કરતાં ઓછી હશે તો તે સભાસદ ઉમેદવારી કરી શકશે નહી.
(૨) ચુંટણીમાં ઉમેદવારી કરનાર સભાસદને આ મંડળીમાં દાખલ થયેલ ઓછામાં ઓછા ૫(પાંચ) વર્ષ થયેલ હશે તો જ તે ઉમેદવારી દરખાસ્ત અને ટેકો આપવાને પાત્ર ગણાશે.
(૩) તા. ૩૧-૩-૨૦૨૪ પછી કે પહેલા જે શિક્ષક સભાસદો નોકરીમાં થી નિવૃત્ત થયા હશે, તાલુકા ફેર બદલ થયેલા હશે અને તેઓના મતદાર યાદીમાં નામ હશે તો પણ ચુંટણીની કોઇ પણ પ્રક્રિયામાં એટલે કે ઉમેદવારી, દરખાસ્ત કે ટેકો કરી શકશે નહી અને મત આપી શકશે નહી.
૮. ચુંટણીના નિયમો પ્રમાણે ઉમેદવારી પત્ર ફક્ત એક જ મળશે. અને તે મંડળીની ઓફીસે ઉમેદવારી ફોર્મ ભરવાની તારીખે જ રૂબરૂ આવી રૂપિયા ૧૦૦/- (એકસો) ફોર્મ ફી આપી મેળવી લેવાનું રહેશે. ફોર્મ ખોવાઇ જવાથી, રદી થવાથી તેમજ કોઇ પણ સંજોગોમાં ઉમેદવારી ફોર્મ બીજુ મળવા પાત્ર રહેશે નહી.
૯. સભાસદે ઉમેદવારી કરતાં પહેલાં રૂ।.૩૦૦૦/-(ત્રણ હજાર) ડીપોઝીટ પેટે જમા કરાવવાના રહેશે.
૧૦. કોઇપણ મતદાર વ્યવસ્થાપક કમિટીની ખાલી એક જ જગ્યા માટે ઉમેદવારી કરી શકશે.
૧૧. કોઇપણ મતદાર વ્વાથાપક કમિટીની ફક્ત એક જ બેઠક માટે દરખાસ્ત કે ટેકો આપી શકશે.
૧૨. ઉમેદવારી ફોર્મ દરખાસ્ત મુકનાર, ટેકો આપનાર અને ઉમેદવારે પોતે મંડળીની ઓફીસે રૂબરૂ આવી ભરવાનું રહેશે અને ઉમેદવારી ફોર્મ પરત આપતી વખતે રજીસ્ટરમાં ત્રણેએ સહી કરવાની રહેશે.
૧૩. પેટા નિયમ કલમ-૩૫ મુજબ તમામ કુલ ૧૫ જગ્યાઓ ભરવાને પાત્ર થાય છે. તો જે તે તાલુકાના સભાસદો પોતાના તાલુકાની જગ્યાઓ માટે ઉમેદવારી નોંધાવી શકશે. દરખાસ્ત કે ટેકો કરી શકશે.
૧૪. મંડળીની ચૂંટણીમાં ઉમેદવારી કરનાર, દરખાસ્ત મૂકનાર, ટેકો આપનાર સભાસદે પોતાની ઓળખ માટે મંડળીનું ઓળખ પત્રકની ઝેરોક્ષ જોડવાની રહેશે.
૧૫. મંડળીના સભાસદો એ મતદાન સમયે પોતાની ઓળખ માટે મંડળી દ્વારા આપવા માં આવેલ ઓળખ પત્રક ફરજીયાત રજુ કરવાનું રહેશે.
૧૬. તાલુકાની પે-કેન્દ્રની શાળાઓમાં ફેરફાર થતાં જે શાળાઓ વધશે કે ઘટશે તો તેનો સમાવેશ જે તે તાલુકામાં પગાર ખર્ચ પડતાં હશે તેમાં ગણવામાં આવશે.
૧૭. જો ચુંટણી કરવાની થાય તો જે તે તાલુકાની ચુંટણી માટે જે તે તાલુકાના સભાસદો જ મત આપી શકશે.
૧૮. મંડળીએ ઠરાવેલ ચુંટણી કાર્યક્રમ અને નિયમોનું ચુંટણીમાં ભાગ લેનાર સભાસદે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૯. ઉમેદવારે કોઈ ગુનાહિત કૃત્ય કરેલ નથી તેનું સક્ષમ અધિકારી(પોલીસ અધિકારી) નું પ્રમાણપત્ર સામેલ રાખવું.
૨૦. ઉમેદવારે ખાતાકીય તપાસ ચાલતી નથી તે બદલનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર સામેલ રાખવું.
૨૧. ઉમેદવારે જે પ્રમાણપત્રો રજૂ કરવાના થાય તે પ્રમાણપત્રો ચુંટણી નું જાહેરનામું પ્રસિધ્ધ થાય ત્યારબાદ ના હોવા જોઈએ.
૨૨. અનુસુચિત જાતિ અનામત બેઠક માટે ઉમેદવારી કરનારે જાતિ ના પ્રમાણપત્ર ની પ્રમાણિત નકલ સામેલ રાખવી.
૨૩. ઉમેદવારી ફોર્મમાં દરખાસ્ત મુકનાર, ટેકો આપનાર, અને ઉમેદવારે મંડળીના ઓળખ કાર્ડ મુજબ જ સહી કરવાની રહેશે.
૨૪. ઉમેદવારી ફોર્મમાં ઉમેદવાર ,દરખાસ્ત મુકનાર, અને ટેકો આપનારે મંડળીના ઓળખ કાર્ડ ની નકલ સામેલ રાખવાની રહેશે.
૨૫. ઉમેદવારી ફોર્મ સ્વહસ્તાક્ષરમાં , સ્વચ્છ, છેકછાક રહિત માતૃભાષામાં તેમજ આંકડાકીય માહિતી પણ ગુજરાતી માં ભરવાની રહશે.
૨૬. મંડળીએ ઠરાવેલ ચુંટણી કાર્યક્રમ અને ચુંટણી સમિતિએ ઠરાવેલા નિયમોનું ચુંટણીમાં ભાગ લેનાર સભાસદે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

જશવંતકુમાર એલ. ચૌધરી
ચુંટણી અધિકારી
મહે.તા.પ્રા.શા.શિ.ના.ધિ.સહ.મંડળી નિ. મહેસાણા

# મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત, મહેસાણા

## વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ચુંટણી અંગેની સુચના

આથી મંડળીના તમામ સભાસદ ભાઇ બહેનોને સુચના આપવામાં આવે છે કે મંડળીના પેટા નિયમ કલમ – ૩૫ મુજબ મંડળીની ચાલુ કરોબારીની મુદત એક સઠ પાંચ વર્ષની પુરી થાય છે. તેથી પેટા નિયમ કલમ ૩૫ મુજબ નીચે જણાવ્યા પ્રમાણે મંડળીની ૧૫ (પંદર) વ્ય.ક.સભ્યોની ૫ (પાંચ) વર્ષની મુદત માટે એક સઠ ભરવાની થાય છે.

(૧) મહેસાણા તાલુકાની ૧૨(બાર) વ્ય.ક.સભ્ય , તેમાંથી ૧(એક) મહિલા અને ૧ (એક) અનુ જાતિ વ્ય.ક.સભ્ય રહેશે.

(૨) જોટાણા તાલુકામાંથી ૩(ત્રણ) વ્ય.ક.સભ્ય , તેમાંથી ૧(એક) મહિલા વ્ય.ક.સભ્ય રહેશે.

(૩) ચૂંટણી અંગેના સૂચનો મંડળીના કાર્યાલયમાં નોટીસ બોર્ડ ઉપર મૂકેલ છે.

## ચુંટણી અંગેનો કાર્યક્રમ

૧. મતદાર યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ ૧૦-૬-૨૦૨૪ , ૧૨-૦૦ કલાકે.
૨. મતદાર યાદી અંગે વાંધો હોય તો રજુ કરવાની તા. ૧૩-૬-૨૦૨૪ , ૧૩-૦૦ કલાક સુધી.
૩. છેવટની મતદાર યાદી પ્રસિધ્ધ કરવાની તા. ૧૩-૬-૨૦૨૪ , ૧૬-૦૦ કલાકે.
૪. ઉમેદવારી પત્રો ભરવાની તા. ૧૫-૬-૨૦૨૪ , ૧૧-૩૦ થી ૧૭-૦૦ કલાક સુધી.
૫. ઉમેદવારી પત્રો ચકાસણીની તા. ૧૫-૬-૨૦૨૪ , ૧૭-૩૦ કલાકે થી.
૬. મંજુર થયેલ ઉમેદવારી પત્રો જાહેર કરવાની તા. ૧૫-૬-૨૦૨૪ , ૧૮-૩૦ કલાકે.
૭. ઉમેદવારીની પત્ર પાછું ખેંચવાની તા. ૨૦-૬-૨૦૨૪ , ૧૫-૦૦ કલાક સુધી.
૮. ઉમેદવારીની છેવટની યાદી પ્રસિધ્ધ કરવાની તા. ૨૦-૬-૨૦૨૪ , ૧૭-૦૦ કલાકે.
૯. મતદાનની તા. ૩૦-૬-૨૦૨૪ સમય ૯-૦૦ થી ૧૫-૦૦ કલાકે.
૧૦.મત ગણતરીની તા. ૩૦-૬-૨૦૨૪ , ૧૫-૩૦ કલાકે.
૧૧.પરિણામ જાહેર કરવાની તા. ૩૦-૬-૨૦૨૪ મત ગણતરી બાદ.
૧૨.ચુંટણીનું સ્થળ = મહેસાણા અને જોટાણા તાલુકા માટે મહેસાણા પ્રાથમિક કુમાર શાળા નં.૧.

**ચુંટણીનો સમય તા. ૩૦-૬-૨૦૨૪ , સવારે ૯-૦૦ થી ૧૫-૦૦ કલાક સુધી.**

જશવંતકુમાર એલ. ચૌધરી
ચુંટણી અધિકારી
મહે.તા.પ્રા.શા.શિ.ના.ધિ.સહ.મંડળી ની, મહેસાણા